# મનપામાં બજેટને બહાલી, કોંગ્રેસનો વોકઆઉટ

## જમીન છે નહિ અને પદાધિકારીઓ-કર્મચારીઓ માટે આવાસની વાત-ટાઉનહોલ કે હોસ્પિટલ બનાવવાની વાત પ્રજાને ગુમરાહ કરવા માટે જ છે તેવો કોંગીના અંકિત બારોટનો આક્ષેપ : પદાધિકારીઓની ગ્રાન્ટમાં વધારાનો પણ વિરોધ બારોટે નોધાવી વોકઆઉટ કર્યો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં વિપક્ષના વોકઆઉટ સાથે બહુમતિથી વર્ષ-૨૦૨૨-૨૩નું બજેટ પસાર કરવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકાની સામાન્ય સભા આજે મેયર હિતેષ મકવાણાના અધ્યક્ષપદે મળી હતી.

આજે મળેલ સામાન્ય સભામાં પ્રેક્ષકદીર્ધામાં પ્રેક્ષકોના પ્રવેશ પર પ્રતિબંધ રાખવામાં આવ્યો હતો અને તેને લઈ મનપા સંકુલમાં પણ ગણગણાટ થતો સાંભળવા મળ્યો હતો.

મેયરે સભાના આરંભે જ સભ્યોને બજેટ સિવાય કોઈ અન્ય મુદ્દાઓની ચર્ચા નહિ કરવામાં આવે તેની સૌ સભ્યોને નોંધ લેવા જણાવી સ્થાયી સમિતિના ચેરમેનને તેમનું બજેટ સભા સમક્ષ રજુ કરવા જણાવ્યુ હતુ.

સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ તેમના બજેટ પ્રવચનમાં જણાવ્યુ હતુ કે કમિશનરે રજુ કરેલા ડ્રાફ્ટ બજેટમાં ૧૭ જેટલી નવી બાબતોના ઉમેરા સાથે સર્વસમાવેશક બજેટ બનાવવામાં આવ્યુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે નગરજનો પાસેથી માંગવામાં આવેલા સૂચનોનો સારો પ્રતિસાદ મળ્યો હતો અને ૯૦ જેટલા સૂચનો મળ્યા હતા. જે પૈકી ઘણા બધા સૂચનોનો સ્વીકાર કરવામાં આવ્યો હોવાનો સ્વીકાર કર્યો હતો.

પટેલે સ્ટ્રીટ વેન્ડર પોલીસીના અમલીકરણની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે શહેરી પછાત વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે આ માટે વિશેષ જોગવાઈની વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમણે બજેટના મહત્વના પાંસાઓનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે બજેટનું કદ રૂ. ૫૪૦ કરોડ નિયત કરાયુ છે અને પુરાંત ૧૫.૫૬ કરોડ જેટલી રહેશે. શિક્ષણ, આરોગ્ય માટે ફાળવવામાં આવેલી રકમ તેમજ રખડતા પશુઓની સમસ્યાના નિવારણ માટે ઝડપથી પગલાં લેવામાં આવશે તેમ કહ્યુ હતુ. રખડતા કૂતરાઓ માટે ખાસ ડી.પી.આર. તૈયાર કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે અને ઝડપથી આ સમસ્યાનું પણ નિરાકરણ લાવવામાં આવશે.

આજની આ બેઠકમાં ચર્ચાનો આરંભ કરતાં પક્ષના સિનીયર કાઉન્સીલર મહેન્દ્રભાઈ પટેલ (દાસ)એ જણાવ્યુ હતુ કે હદ વધતાં બજેટના કદમાં વધારો કરવામાં આવ્યો છે એટલુ જ નહિ પણ સૌને સાથે રાખી આગળ વધવાની વાત કરી છે તે સરાહનીય છે. તેમણે સ્ટ્રીટ વેન્ડર્સ પોલીસીના અમલ સાથે દબાણની સમસ્યા હળવી થશે તેમજ લારી-ગલ્લાના નાના વેપારીઓને પણ રક્ષણ સાથે મુશ્કેલીઓ ઘટશે તે માટે તંત્રને તેમણે અભિનંદન આપ્યા હતા.

ભાજપના પદમસિંહ ચૌહાણે મિલીયન ટ્રી ના લક્ષ્યાંકને વધાવી કહ્યુ હતુ કે શહેરને ગ્રીન સીટી બનાવવાનો સંકલ્પ ઝડપથી પૂર્ણ થશે. બજેટની જોગવાઈઓ આવકારદાયક છે.

ગૌરાંગભાઈએ યુવાઓ માટે કરેલી જોગવાઈઓને આવકારી હતી. તેમજ ઈનોવેશન લેબ નિર્ણય કરવાના નિર્ણય માટે અભિનંદન આપ્યા હતા.

કોંગ્રેસના અંકિત બારોટે ભાજપ પર આરોપ મુકતાં કહ્યુ હતુ કે સત્તાઓ મળતી નથી અને જગ્યાઓ છે નહિ ત્યારે પ્રજાને દર વર્ષના બજેટમાં કટીંગ-પેસ્ટીંગ કરી ગુમરાહ કરાઈ છે.

બારોટે આરોપ કર્યો હતો કે મનપાના કર્મચારીઓ અને પદાધિકારીઓ માટે આવાસની જોગવાઈ કરવામાં આવી છે પણ ક્યાં બનાવશો ? જમીન તો છે નહિ. ખાલી વચનોનો કોઈ અર્થ નથી.

પદાધિકારીઓની ગ્રાન્ટમાં કરાયેલા વધારાનો પણ વિરોધ બારોટે કર્યો હતો. તેમણે આ નીતિને દલા તરવાડીની નીતિ સાથે સરખાવી હતી.

બજેટને લઈ કોંગ્રેસે રજુ કરેલી દરખાસ્તોનો સ્વીકાર નહિ કરી તાનાશાહી વલણ સત્તાધારી પક્ષે વાપર્યુ હોવાથી તેના વિરોધ સાથે વોકઆઉટ કર્યો હતો. બારોટે તેમના પ્રવચનમાં પ્રજા પાસે માંગવામાં આવેલા સૂચનો કેમ જાહેર કરવામાં આવતા નથી તેમ કહી તંત્ર પર આક્ષેપો કર્યા હતા કે મળેલા સૂચનોમાંથી કેટલા સમાવ્યા તેની વિગતો જાહેર કરવી જોઈએ.

મેયર હિતેષ મકવાણાએ વારંવાર બારોટના પ્રવચનમાં દરમ્યાનગીરી કરી તેમને બોલતા અટકાવવાનો પ્રયાસ કર્યો હોવાની વાતે રાજકીય વર્તુળોમાં ગણગણાટ શરૂ થઈ ગયો છે.

આ બેઠકમાં સોનાલી પટેલ, શૈલેષ પટેલ, ડૉ. સંકેત પંચાસરાએ પણ બજેટની જોગવાઈઓને આવકારી વિકાસ વેગીલો બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.















# પેથાપુર મહુડી માર્ગના રીસરફેસીંગનુ કામ હજુ માંડ ૪૦ ટકા થયુ

## સરકારી પ્લાન્ટમાંથી ડામર માલ પુરતો સપ્લાય ન થતા કામગીરી મંદ ગતિએ : આઠ મહીનાથી કામ ચાલી રહ્યુ છે : લાંબા સમયથી ચાલતા કામના લીધે ટ્રાફિક પણ પ્રભાવિત :કામમાં ઝડપ લાવવા વિભાગના ઉચ્ચ અધિકારીએ તંત્રને સુચના આપી

ગાંધીનગર તા ૧૯

પેથાપુર મહુડી માર્ગના રીસરફેસીંગનુ કામ છેલ્લા આઠ મહીનાથી ચાલી રહ્યુ છે. પ્રવાસન પથ તરીકે ઓળખાતા આ ૩૨ કી મીના માર્ગનુ રીસરફેસીંગ કરવામાં આવતા હાલ ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. સરકારી પ્લાન્ટમાંથી આ કાર્યયોજના હાથ ધરવામાં આવી છે પરંતુ પ્લાન્ટના આધારુ પુરતો ડામર માલ સપ્લાય ન થતા માર્ગના રીસરફેસીંગની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. જેના લીધે આઠ મહીના દરમિયાન માંડ ૪૦ ટકા જ કામ થઈ શક્યુ છે. જેના લીધે ટ્રાફિકથી ધમધમતા આ રૂટમાં વાહનચાલકો પરેશાન બન્યા છે. જો કે વિભાગના ઉચ્ચ અધિકારીએ આ મામલે તંત્રના અધિકારીઓને પણ કામમાં ગતિ આવે તે માટે કડક સુચના આપી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

પેથાપુર મહુડી માર્ગના રીસરફેસીંગનુ કામ ચાલી રહ્યુ છે. પ્રવાસન પથના રીસરફેસીંગની કામગીરી છેલ્લા આઠ મહીનાથી ચાલી રહી છે. આ માર્ગના રીસરફેસીંગ માટે રૂ ૪૦ કરોડ અંદાજવામાં આવ્યો છે. પેથાપુર મહુડી વચ્ચેના આ ૩૨ કી મીના માર્ગના રીસરફેસીંગનુ કામ મંદ ગતિએ ચાલી રહ્યુ છે. જેના લીધે રોજબરોજ ટ્રાફિકની અવરજવર પણ વિશેષ પ્રભાવિત થાય છે. પ્રવાસન પથનુ પેવર કામ આઠ મહીના અગાઉ હાથ ધરાયુ હતુ જયારે સરકારી પ્લાન્ટમાંથી આ કામગીરી ચાલી રહી હોવાના લીધે કામમાં ઝડપ આવતી ન હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. સરકારી પ્લાન્ટમાંથી હાલ ૪૦૦ થી ૫૦૦ ટન ડામર માલ સપ્લાય થાય છે. જયારે માર્ગના રીસરફેસીંગને અનુલક્ષી ઝડપથી કામ થાય તે માટે ૧૫૦૦ થી ૨ હજાર ટન માલનો સપ્લાય જરૂરી છે. માલના યોગ્ય સપ્લાયના લીધે રીસરફેસીંગનુ કામ પણ યોગ્ય રીતે થઈ શકતુ નથી જયારે પ્રવાસન પથની મંદ કામગીરીને અનુલક્ષી માર્ગ મકાન વિભાગના સેક્રેટરીએ પણ તંત્રના અધિકારીઓને આ મામલે જરૂરી સુચના આપી છે. આ દરમિયાન અધિકારીઓને પ્રવાસન પથના રીસરફેસીંગનુ કામ ઝડપથી પુર્ણ થાય તે માટે સુચના આપી છે. જો કે આ ઝડપે પ્રવાસન પથનુ કામ ચાલુ રહે તો હજુ પણ આગામી આઠ મહીના સુધી આ કામગીરી પુર્ણ થાય તેમ નથી. પેથાપુર મહુડી પ્રવાસન પથ પર રોજબરોજ સેંકડો વાહનોની અવરજવર રહે છે ત્યારે લાંબા સમયથી આ માર્ગ ડામર કામગીરીથી ઘેરાયેલો રહેતા વાહનચાલકો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. મહુડી તીર્થ ધામ આ રૂટમાં આગળ સ્થિત હોવાથી

● અનુસંધાન પાના ૭ પર

# શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું : નવા ૧૭ કેસ

## ગાંધીનગર શહેરમાં ૧૦ કેસ તો ગ્રામ્ય વિસ્તાર ગાંધીનગરમાં બે, કલોલમાં ૪ અને માણસામાં ૧ કેસ : ૧૦૩ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત ઘટી રહ્યુ છે. શહેર-જિલ્લામાં આજે કુલ ૧૭ કેસ નોંધાયા છે. જેમાં શહેરમાં ૧૦ કેસ અને ગ્રામ્યમાં ૭ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં આજે ૧૦૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૭૨ લોકો અને ગ્રામ્યમાં ૩૧ લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો છે તેમજ સંક્રમણમાં ઘટાડો થયો છે હવે છુટા છવાયા કેસો મળી રહ્યાનું તંત્રએ સ્વીકાર્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર ગાંધીનગરમાં બે, કલોલમાં ૪ અને માણસામાં એક કેસ નોંધાયો છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના ચેખલારાણી ગામે તથા અડાલજમાં એક-એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ શહેરમાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં કલોલ અર્બન-૧ માં બે કેસ અને અર્બન-૨ માં ૧ કેસ નોંધાયેલ છે. એક કેસ રાંચરડા ગામેથી મળ્યો છે.

માણસા તાલુકામાં વરસોડા ગામેથી એક કેસ મળી આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં હવે ૧૦૦ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯૬૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૦ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાના ૭ પર

# કુડાસણમાં માર્ગોના ગાબડા દુર કરવા આર.સી.સી.નુ કામ કરવામાં આવશે

## ગત વરસાદી દિવસોમાં ડામર માર્ગોનુ ધોવાણ થતા ઠેર ઠેર ખાડા અસ્તિત્વમાં આવ્યા છે : ગુડા વિસ્તારમાં ૧ હજાર સ્ટ્રીટ લાઇટના પોલ્સ પણ નાંખવામાં આવશે

ગાંધીનગર તા ૧૯

કુડાસણમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોની દશા અત્યંત ખરાબ થતા સ્થાનિકો પરેશાન છે. વરસાદમાં માર્ગોનુ ધોવાણ થતા ઠેર ઠેર મોટા મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે હવે ગુડા દ્વારા આવા ઠેકાણે આર સી સી માર્ગ બનાવાશે. જેથી માર્ગોનુ ધોવાણ થતુ અટકે અને નાગરિકોને યોગ્ય રોડ નેટવર્ક ઉપલબ્ધ થશે. આ ઉપરાંત વિવિધ કોર્મશિયલ કોમ્પ્લેક્ષ પાસે પાર્કીંગની સુવિધા પણ ઉભી કરાશે. જેની પાછળ અંદાજિત રૂ ૧.૮૭ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં એક હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ્સ નાંખવામાં આવશે. આગામી એપ્રિલ મહીનામાં આ કામગીરી શરૂ કરવામાં આવશે.

ગત વરસાદી દિવસો દરમિયાન જિલ્લામાં વિવિધ માર્ગો ઉપરાંત ગાંધીનગરના સેકટરો તેમજ ન્યુ ગાંધીનગર વિસ્તારના રોડ નેટવર્કને પણ વિશેષ નુકશાન થયુ હતુ વરસાદી દિવસોમાં માર્ગોનુ ધોવાણ થતા ઠેર ઠેર મોટા ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે કુડાસણ વિસ્તારમાં માર્ગોની દશા બેઠી છે. કુડાસણમાં ઠેક ઠેકાણે માર્ગો તુટી ગયેલી હાલતમાં જોવા મળે છે. માર્ગોને વિશેષ નુકશાન થતા સ્થાનિકો તેમજ વેપારીઓને પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. વરસાદી દિવસોમાં નિચાણમાં ગરકાવ થઈ ગયેલા માર્ગો પર સતત વરસાદી પાણી ભરાયેલુ રહેતા મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે ગુડાએ આ સમસ્યાનુ નિરાકરણ લાવવા માટે આવા વિસ્તારમા સિમેન્ટ કોક્રિંગનુ કામ કરવાનો નિર્ણય લીધો છે. કુડાસણ વિસ્તારના પ્લોટ નં - ૧૬૩ અને ૧૯૧ નજીક આર સી સી રસ્તા બનાવાશે. જયારે પાર્કીંગમાં ફલોરિંગ ટાઈલ્સ પણ લગાવાશે. કુડાસણમાં યોગ્ય પાર્કીગ વ્યવસ્થાના અભાવે પણ ટ્રાફિક પ્રભાવિત છે. જેના લીધે સાંકડા માર્ગો વચાળે જ વાહનો ગોઠવી દેવાય છે. જેના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળે છે. પાર્કીંગની સમસ્યાના નિરાકરણ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં રાત્રિના સમયે માર્ગો પર અંધારા વચ્ચે અકસ્માત થતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ જેથી ગુડાની અગાઉ મળેલી બોર્ડ બેઠકમાં ગુડા વિસ્તારમાં ૧ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ નાંખવાનુ આયોજન કરાયુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૫.૫૦ કરોડનો ખર્ચ કરાશે. કુડાસણ વિસ્તાર દિન પ્રતિદિન વધુ વિકસિત થઈ રહ્યો છે. ત્યારે જનજીવનમાં પણ અનોખો ધમધમાટ જોવા મળી રહ્યો છે આ સ્થિતિ વચ્ચે માર્ગો પર ગાબડા દુર

● અનુસંધાન પાના ૭ પર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com